સુવિચાર : દિલને બદલે દિમાગ આવી જાય, લાગણીને બદલે માંગણી આવી જાય, ત્યારે આલિંગન ને પણ કાંટા ફૂટે - શૂન્ય પાલનપુરી




આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૮૪ | ૩ જૂન, ૨૦૧૫, બુધવાર ; જેઠ વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# શહેરમાં મોડીસાંજે વાતાવરણ પલ્ટાયુ

## શહેર અને જિલ્લામાં સાંજે વાદળો ઘેરાતા તાપમાનનો પારો ગગડ્યો હતો : શહેરનું મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી રહ્યું હતું : મોડીસાંજે વિજળીના ચમકારા અને વાદળોના ગડગડાટ સાથે કેટલાક વિસ્તારોમાં વરસાદી છાંટા પડ્યા હતા

ગાંધીનગર, તા.૨

શહેરમાં મોડી સાંજે તેજ ગતિથી પવન ફૂંકાતા વાતાવરણમાં બદલાવ આવ્યો હતો. સાંજે ચાર વાગ્યા બાદ વાદળો ઘેરાયા હતા. કયાંક કયાંક વીજળી અને વીજળીના કડાકા થતાં વરસાદી માહોલ સર્જાયો હતો.

જોકે જિલ્લાના કેટલાક વિસ્તારોમાં છાંટા પડ્યાના અહેવાલો પ્રાપ્ત થયા હતા. દરિયાઈ વિસ્તારમાં ગઈકાલે વાતાવરણમાં પલ્ટો આવ્યાના પગલે આજે ગાંધીનગર - અમદાવાદ સહિત મધ્ય અને ઉત્તર ગુજરાતના કેટલાય વિસ્તારોમાં તેજ પવન સાથે વાદળોનો ગડગડાટ અને વીજળીના ચમકારા થયા હતા.

સાંજે ૭ વાગ્યા બાદ અચાનક અષાઢી માહોલ અનુભવાતો હતો. જોરદાર ઝાપટું પડશે એવો માહોલ એકાએક સર્જાઈ ગયો હતો. જોકે છૂટછવાયા વરસાદના છાંટા કેટલાક વિસ્તારોમાં પડ્યા હતા. હવામાન શાસ્ત્રીઓની આગાહી મુજબ બે થી પાંચ જુન ચાર દિવસ પવન સાથે વરસાદી ઝાપટાનું અનુમાન કરાય છે. જ્યોતિષ વિદ્યાના જાણકારો પણ ગ્રહોની યુતિ અને પ્રતિયુતિના પગલે સર્જાતી સ્થિતિમાં વધુ એક માવઠાની આગાહી કરી રહ્યા છે.

આ વર્ષે શિયાળા અને ઉનાળામાં થઈ છ વખત કમોસમી વરસાદ થયો છે. વધુ એક વખત માવઠુ થશે તો ખેડૂતોને વધુ એક વખત નુકસાનનો બોજ વેઠવો પડશે. નિયમિત ચોમાસુ હજુ કેરળ કે ગોવામાં આરંભાયું નથી ત્યારે ગુજરાતમાં અને પશ્ચિમ ભારતમાં માવઠાથી ભારે નુકસાનની ભિતી સેવાય રહી છે. હવામાન વિભાગની ગણતરી મુજબ કેરળમાં આગામી સપ્તાહે મોનસુન હીટ થશે જ્યારે એના એક અઠવાડિયા બાદ ગોવા અને મુંબઈમાં નિયમિત ચોમાસુ આરંભાશે. અનો મુંબઈમાં ચોમાસાના આરંભ બાદ ચાર દિવસો દક્ષિણ અનો મધ્ય ગુજરાતમાં ચોમાસાનો વિધિવત આરંભ થાય તેમ માનય છે અર્થાત ગુજરાતમાં ૨૦મી જુન પહેલા નિયમિત ચોમાસાની આશા વર્તાતી નથી. સાથોસાથ હવામાન વિભાગના અનુમાન મુજબ ચોમાસુ આ વર્ષે થોડુક વધુ નબળુ જશે એમ મનાય છે.



(તસવીર : દિપક જાની)

વડ સાવિત્રીનું વ્રત - ભારતીય સંસ્કૃતિમાં વ્રત-ઉપવાસનો મહિમા મોટો છે... વિશેષ કરીને નારીશક્તિ વ્રત અને ઉપાસના વ્યાપક પ્રમાણ કરે છે... જેઠ સુદ પૂનમ એટલે વડસાવિત્રીનું વ્રત... યુગોથી પરંપરાગત રીતે ભારતીય મહિલાઓ ઉજવે છે... પતિના આયુષ્ય અને આરોગ્યપ્રદ સ્વાસ્થ્ય માટે ભારતીય નારીશક્તિ આખા દિવસનો ઉપવાસ રાખે છે અને બપોરે વડની આસપાસ સુતરના તાંતણા વીંટી પ્રદક્ષિણા કરતા કરતા પૂજન કરે છે... ગુંથાયેલા સુતરના તાંતણા સાથેનો ભાવ વડ જેટલું આયુષ્ય અને શક્તિ પતિને પ્રાપ્ત થાય અને તાંતણાની જેમ ગુંથાઈને જીવનમાં ઓતપ્રોત રહે... સતત પ્રવૃત્ત રહે એવો ભાવ જોડાયેલો છે...

# સેક્ટર-૬માં ૩.૬૩ કરોડમાં પ્લોટ વેચાયો

## ડોક્ટર હાઉસ અને કોર્પોરેટ હોસ્પિટલ માટે ઓછી બોલી લાગી : છેલ્લી મિનિટોમાં ખેલીઓએ ખેલ પાડ્યા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરના સે. ૬માં કોમર્શીયલ પ્લોટની હરાજીમાં આજે બિડરોએ ગઈકાલના વિક્રમને તોડી નવો વિક્રમ પ્રસ્થાપિત કર્યો છે.

આજે પ્લોટ નં. ૧૫૫૬ ની બોલીમાં હરાજી સંપન્ન થવાની અંતિમ ક્ષણોમાં પ્રતિ ચો.મી.નો ભાવ ૨ લાખ ૪૧ હજાર ૮૧૩ની બોલી લગાવતાંઆ ૧૫૦ મીટરના પ્લોટની કિંમત ૩ કરોડ ૬૩ લાખથી પણ વધી જવા પામી હતી.

આજે વધુ ૨૧ પ્લોટોની હરાજી હાથ ધરવામાં આવી હતી. છ પ્લોટોમાં હાથ ધરાયેલી હરાજી સાંજે ૬ વાગે સંપન્ન થઈ હતી.

આજે પ્લોટોની હરાજીમાં કોર્પોરેટ હોસ્પિટલ અને ડૉક્ટર હાઉસના સે. ૬માં પ્લોટ હતા. હોસ્પિટલ માટે ભાવ પ્રતિ ચો.મી. ૫૨ હજાર ૮૧૩ જેટલા બોલાયા હતા. જ્યારે ડૉક્ટર હાઉસ માટે રૂ. ૫૧,૮૧૩નો ભાવ બોલાયો હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર સે. ૪માં આજે પ્લોટોની હરાજીના ભાવ તળિયાની કિંમત કરતાં દોઢગણો તો સે. ૬માં વાણિજ્યવિસ્તારના ભાવોએ આજે તો વિક્રમ સર્જી દીધો હતો.

ગઈકાલે ૧૩ પ્લોટ અને આજે ૨૧ પ્લોટોની હરાજી મળી કુલ ૩૪ પ્લોટોની હરાજી સંપન્ન થઈ છે. જ્યારે ૫૨ પ્લોટની હરાજી રદ કરવામાં આવી છે. હવે ગણત્રીના પ્લોટ બાકી રહ્યા છે. આ પ્લોટોની હરાજીમાં પણ સારા ભાવ મળવાની તંત્ર આશા રાખી રહ્યું છે.

જમીનના પ્લોટોની હરાજીમાં બોલી એ ટોક ઓફ ધી ટાઉન બની છે. છેલ્લી મિનિટોમાં અને સેંકડોમાંજ પ્લોટની કિંમતની બોલીઓ જે ગતિએ વધતી જોવા મળી છે તેને લઈ સૌ ચોંકી ઉઠયા છે.

ગાંધીનગરમાં સે. ૬માં જે વાણિજ્ય વિસ્તારના ભાવે મળ્યા છે તે જોતાં આગામી દિવસોમાં ગાંધીનગરના ભાવો આસમાને પહોંચશે તેમ મનાઈ રહ્યું છે.

# જિલ્લા પંચાયતના સદસ્યોની વિકાસ ગ્રાન્ટમાં વધારો

## સામાન્ય સભામાં રૂ. ૩ લાખથી ૩૫ લાખ સુધીની જોગવાઈઓ વધારતા ઠરાવો દલા તરવાડીની વાર્તા મુજબ પસાર થયા

ગાંધીનગર, તા.૨



૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫માં વિસ્તાર વિકાસના કામો હાથ નહિ ધરાયા હોવા છતાંય આજે ૨૦૧૫-૧૬માં સભ્યોને આ ગ્રાન્ટમાં રૂ. ૩ લાખનો વધારો કરી રૂ. ૧૦ લાખ કરવાનો નિર્ણય સર્વાનુમતે લેવાયો હતો.

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે મળેલ સામાન્ય સભામાં આ પ્રસ્તાવ પ્રમુખ શ્રીમતી હીનાબેન પટેલે અધ્યક્ષ સ્થાનેથી રજુ કર્યો હતો અને સભ્યોએ તેને ખુશી ખુશી વ્યકત કરી વધાવી લીધો હતો.

અગાઉ આ જ ગ્રાન્ટ માટેનો એજન્ડા પરનો મુદ્દો ચર્ચામાં આવ્યો ત્યારે કામમાં એજન્સી દ્વારા કમિશનમાં સેટીંગ નહિ થતાં કામો નહિ હાથ ધરાયાના આક્ષેપો થયા હતા.

સભ્યોએ વિકાસ કામોને લઈ આજે ચિંતા વ્યકત કરવાનો બદલે તંત્ર પર આક્ષેપો કરવામાં વધુ સક્રિયતા દાખવી હતી.

વિસ્તાર વકાસના કામોને મંજૂરી આપવામાં વિલંબ થયો હોય તો જવાબદાર કર્મચારી અધિકારી સામે પગલાં લેવાની માંગણી પણ સભ્યોએ કરી હતી.

જો કે પ્રમુખ સ્થાનેથી આજે સાત જેટલા પ્રસ્તાવો રજુ થયા હતા અને તે બધા જ સર્વાનુમતે મંજુર થયા હતા.

પ્રમુખ સ્થાનેથી રજુ થયેલા પ્રસ્તાવોને જોયા પછી તો દલા તરવાડીની વાર્તા જેવું લાગતું હતું કારણ કે પ્રેરણા પ્રવાસ માટેના ખર્ચની મર્યાદા રૂ. ૪ લાખ કરવાનો નિર્ણય તેમજ આકસ્મીક પીવાના પાણીની જોગવાઈમાં રૂ. ૫૦ લાખનો વધારો

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યમાં સતત ૧૩મા વર્ષે કન્યા કેળવણી અને પ્રવેશોત્સવ

## શિક્ષણ ક્રાંતિ અને સર્વાંગી વિકાસનો લક્ષ્ય પાર પાડવા મુખ્યમંત્રીની અપીલ
## પ્રાથમિક શિક્ષણને વધુ સુવિધાસભર બનાવવા અધિકારીઓ યોગદાન આપશે

ગાંધીનગર, તા.૨

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે નવા શૈક્ષણિક વર્ષના પ્રારંભે શરૂ થઈ રહેલા કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવમાં જોડાનાર તમામ મંત્રીઓ, પદાધિકારીઓ અને સનદી અધિકારીઓને પ્રરેક માર્ગદર્શન આપતા ગુજરાતમાં ગુણવત્તાસભર પ્રાથમિક શિક્ષણ ઉપરાંત સફાઈ-સ્વચ્છતા, બાળ તંદુરસ્તી, બાળકની સુષુપ્ત શકિત ખિલવનારા અભિયાનો અને કુપોષણમુક્તિ માટે સંવેદના જગાવીને સમાજ પ્રત્યેકનું ઋણ ચુકવવાના આ અવસરે સાર્થક બનાવવાનું આહવાન કર્યુ હતું. રાજયમાં ૧૩માં વર્ષે કન્યા કેળવણી શાળા પ્રવેશોત્સવનું અભિયાન તા. ૧૧-૧૨-૧૩ જુનના દિવસોએ ગ્રામવિસ્તારમાં અને તા. ૧૮-૧૯-૨૦ જુનના દિવસોમાં શહેરી વિસ્તારમાં હાથ ધરાશે. સ્વર્ણિમ સંકુલમાં સાબરમતી સભાકક્ષમાં શિક્ષણ વિભાગના ઉપક્રમે યોજાયેલી સમીક્ષા બેઠકમાં આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે, પ્રાથમિક શિક્ષણ ઉપેક્ષિત અને સ્થગિત દશામાં હતુ તેમાં સતત ૧૨ વર્ષથી આ અભિયાન દ્વારા સામાજિક પરિવર્તનને મિશન મોડ ઉપર લાવવામાં સફળતા મળી છે અને ડ્રોપ આઉટ રેશિયો ઉત્તરોતર નીચે લઈ જવાની સિધ્ધિ સૌના સહયોગથી મેળવી છે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, સરકારે શાળાઓમાં ભૌતિક સુવિધાઓ પુરી પાડીને પ્રાથમિક શિક્ષણ માટે સમાજચેતના ઢંઢોળી છે. વર્ષો વર્ષ કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવમાં સમાજની સંવેદના અને જનભાગીદારી વિકસાવવા ઘણા નવા આયામો આપણે સામેલ કર્યો છે. તેમ જણાવી તેમણે ભારપૂર્વક ઉમેર્યુ હતું કે, આ ઔપચારીક સરકારી કાર્યક્રમ નથી પણ સમાજ પ્રત્યે આપણુ ઋણ અદા કરવાના એવો અવસર છે જે જીવનમાં સંતોષ અને ઊર્જાની આપણને પણ અનુભુતિ કરાવશે.પ્રત્યેક પદાધિકારી અને અધિકારી જે ગામ અને શાળાની મુલાકાત લે તેની સાથે સતત જીવંત સંપર્ક રાખે.



● અનુસંધાન પાન-૭ પર

# તંત્રની નિષ્ક્રીયતા ભ્રષ્ટાચારને પોષક છે : કોંગ્રેસ

## જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં નિષ્ક્રીયતા અંગે તંત્ર પર તડાપીટ બોલાવતા સભ્યો

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં તંત્રની નિષ્ક્રીયતા ભ્રષ્ટાચારને પોષક હોવાના ગંભીર આક્ષેપો આજે જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં થયા હતા. જો કે ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો કોંગીના ધારાસભ્યશ્રી બળદેવજી ઠાકોરે વિશેષ કર્યા હતા તો તંત્રની ઉદાસીનતા સામે ભાજપ-કોંગીના સભ્યોએ સરખી તડાપીટ બોલાવી હતી.

આજે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હીનાબેન પટેલની અધ્યક્ષતામાં મળેલ સામાન્ય સભામાં પ્રશ્નોત્તરીનો સમયગાળો લંબાવવામાં આવ્યો હતો. ભ્રષ્ટાચારના આક્ષેપો કોંગી નેતાએ પ્રશ્નોત્તરી દરમ્યાન વધુ કર્યા હતા.

આજની સામાન્ય સભામાં વિપક્ષ કોંગ્રેસે તંત્રના ઉદાસીન વલણની ટીકામાં ભાજપના સભ્યો પણ જોડાયા હતા. સ્વચ્છતા મિશન અંતર્ગત થયેલ કામગીરીને લઈ ભાજપના સભ્યશ્રી જયેશ પટેલના પ્રશ્ન બાદ તંત્ર દ્વારા જવાબ આપવામાં થતા વિલંબને લઈ મામલો ગરમાયો હતો.

સભાના આરંભે એજન્ડા નહિ મળ્યાની ફરિયાદ શ્રી બળદેવજી ઠાકોરે કરી તો આ પછી સભામાં મોડા આવેલા ધારાસભ્ય શ્રીમતી કામિનીબા રાઠોડે પણ આવી ફરિયાદ કરી હતી.

તલાટીની બદલીના મુદ્દે તો તેઓ અધિકારીઓ સાથે સીધી વાત કરતા નજરે પડયા હતા. જિલ્લા વિકાસ અધિકારીશ્રી ભીમજીપાણી એ કહ્યું કે તલાટીની બદલી માટે તમારી ફરિયાદ મળી છે અને તે માટે તપાસ કરવાની તેમજ મને રિપોર્ટ મળ્યા બાદ જરુરી કાર્યવાહી થશે તેવી હૈયાધારણ આપી હતી.

જમીનના એન.એ.માં મોટા પાયે ભ્રષ્ટાચાર ચાલતો હોવાનો ગંભીર આક્ષેપ કરતાં ધારાસભ્યશ્રી બળદેવજી ઠાકોરે જણાવ્યું હતું કે તેમના જ માણસ પાસેથી પૈસા લેવામાં આવ્યા છે.

આજની સામાન્ય સભામાં કર્મચારીને બઢતી આપવામાં તંત્ર દ્વારા ખાતાકીય પસંદગી સમિતિની બેઠક નહિ બોલાવાતી હોવાનું જણાવી કર્મચારીઓને અન્યાય કરવામાં આવી રહ્યાનું સભ્યશ્રી અજીતસિંહ રાઠોડ (અલુવા) અજીતસિંહ વાઘેલા (વાસન) સહિતના સભ્યોએ રજુઆતો કરી હતી.

સભ્યોના વિસ્તાર વિકાસના કામોમાં પણ એજન્સી ફિકસ નહિ કરવામાં અને દરેક બાબતમાં

● અનુસંધાન પાન-૭ પર

‘આવો કઈક અલગ તરી આવો’

એડમિશન ફોર્મ વિતરણ ચાલુ છે

ઈન્સ્ટીટ્યૂટ ઓફ ફાયર & સેફ્ટી એન્જિનિયરીંગ

IFSE-HIMATNAGAR

ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ (બંને પ્રવાહ), સ્નાતક, આઈટીઆઈ, ડીપ્લોમા, બીઈ, બીટેક અને બીએસસી થયેલા વિદ્યાર્થીઓ માટે એક વર્ષના પૂર્ણ સમયના ફાયર & સેફ્ટી એન્જિનિયરીંગના વિશિષ્ટ અભ્યાસક્રમો

ડો. સી.વી. રમણ યુનિવર્સિટી, આઈસેક્ટ યુનિવર્સિટી ભોપાલ અને દ્રછહ્ળજી-નાગપુર સાથે એફીલેશન ધરાવતી ગુજરાતની એકમાત્ર ઈન્સ્ટીટ્યુટ એટલે - IFSE- હિંમતનગર

પ્રવેશ ફોર્મ વિતરણ ચાલુ છે. રૂબરૂ અથવા સંસ્થાની વેબસાઈટ www.ifsegujarat.org પરથી ફોર્મ ડાઉનલોડ કરી શકો છો...

સંપર્ક નં. : ૭૫૭૩૦૪૨૦૮૧ અને ૮૨

સરનામું - ઈન્સ્ટીટ્યૂટ ઓફ ફાયર & સેફ્ટી એન્જિનિયરીંગ

હીરો શો-રૂમની સામે, સહકારી જીન ક્રોસ રોડ, દ્રઉૅઁ ર્દ્ર.૮, હિંમતનગર, જીલ્લો - સાબરકાંઠા

જોઈએ છે

કલર TV • કલર મોનિટર

જૂના બંધ હાલતમાં

સંપર્ક : શૈલેષભાઈ

મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧

શ્રદ્ધાંજલી

સ્વ.શ્રી કપિલભાઈ રાવલ

(પ્રેસ ફોટોગ્રાફર)



(જેઠ સુદ પૂનમ)

પ્રેસ કલબ ઓફ હિંમતનગર (PCH)

૮૭મી જન્મજયંતિએ

હાર્દિક સ્મરણાંજલિ



સ્વ. મુખ્યમંત્રી શ્રી ચીમનભાઈ પટેલ

પ્રાર્થના સભા

તારીખ :૦૩-૦૬-૨૦૧૫

સમય : સવારે ૮.૩૦ થી ૯.૩૦

-: સ્થળ :-

નર્મદા ઘાટ, ગાંધીનગર

સ્મરણાંજલિ

૮૭મી જન્મજયંતિએ....



સ્વ. ચીમનભાઈ પટેલ

(પૂર્વ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય)

પ્રાર્થના સભા : તા. ૩/૬/૨૦૧૫, બુધવાર

સવારે : ૮-૩૦ થી ૯-૩૦ કલાકે, નર્મદા ઘાટ, ગાંધીનગર

આવો સૌ સાથે મળી શ્રદ્ધાસુમન અર્પણ કરીએ...

નરેન્દ્ર એમ. શાહ

ચેરમેન, પેન્સનર્સ સેલ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

ડીરેક્ટરશ્રી, ગાંધીનગર નાગરિક કો.ઓ. બેંક લિ.